| Activities Conducted Under Ek Bharat Shreshtha Bharat (EBSB) | |
|---|---|
| Name of the State: **GUJARAT** | Partnering State: **Chhattisgarh** |
| Monthly Report for **May - 2023** | |

A short video series of sessions of Ek Bharat Shreshtha Bharat has been uploaded on the DIKSHA Platform and YouTube channel and their links have been shared with the students, teachers and parents via different social media platforms.

These videos of the Ek Bharat Shreshtha Bharat program include a session on different themes which are aligned with EBSB vision and also connected to the paired state of Chhattisgarh.

Samagra Shiksha Gujarat prepared video content related to the theme of "dissemination of information about paired State" and in this month prepare one unique episode to provide various Information About the Durg district of Chhattisgarh.

In This month, We have not sent the link of the video to the schools as there are summer vacations in Gujarat state schools during the entire month of May 2023.

A letter dated 06/02/2023 allotting ~~one~~ EK Bharat Shrestha Bharat grant to 7400 primary schools and 1865 secondary schools of Rs.1000 per school for the current year is enclosed.

M P Mehta

# એક ભારત શ્રેષ્ઠ ભારત કાર્યક્રમ ગ્રાન્ટ ફાળવણી અને અમલીકરણની માર્ગદર્શિકા


ગુજરાત શાળા શિક્ષણ પરિષદ
સ્ટેટ પ્રોજેક્ટ કચેરી,
સમગ્ર શિક્ષા, સેકટર-૧૭,
ગાંધીનગર.
E-mail -gecell@gmail.com
ફોન નં-૦૭૯-૨૩૨૪૧૩૩


NIPUN BHARAT
પાયાની સાક્ષરતા અને અંક જ્ઞાન

શિક્ષણનો અધિકાર
સમગ્ર શિક્ષા અભિયાન
સૌ ભણે, સૌ આગળ વધે

પત્રક્રમાંક-સમગ્ર શિક્ષા/ક્યુઈસેલ/૧/૨૦૨૩ [illegible]
તા-૦૬.૦૨.૨૦૨૩

પ્રતિશ્રી,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી
જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી,
જિલ્લા- તમામ

પ્રતિશ્રી,
જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી
અને જિલ્લા પ્રોજેક્ટ કો-ઓર્ડિનેટરશ્રી,
જિલ્લા-તમામ
શાસનાધિકારી-અમદાવાદ,રાજકોટ,સુરત,વડોદરા

વિષય- "એક ભારત શ્રેષ્ઠ ભારત" કાર્યક્રમ અંગેની ગ્રાન્ટ ફાળવણી તથા માર્ગદર્શિકા બાબત
સંદર્ભ- ૧. તા.૧૨.૦૧.૨૦૨૩ના રોજ નોંધ પર માન.એસપીડીશ્રીની મળેલ મંજૂરી
૨. તા.૨૧.૦૧.૨૦૨૩ના રોજ ગ્રાન્ટ ફાળવણી પત્ર અન્વયે

ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે "એક ભારત શ્રેષ્ઠ ભારત" કાર્યક્રમ સમગ્ર દેશભરમાં યોજાઈ રહ્યો છે. જેનો હેતુ બાળકોમાં દેશના જુદા-જુદા રાજ્યોની સાંસ્કૃતિક, સાહિત્યિક, ભૌગોલિક, ઐતિહાસિક, સામાજિક વગેરે જેવી ભિન્ન ભિન્ન બાબતો વિષે જાણે અને સમજ કેળવે તથા એક-બીજાની સંસ્કૃતિ પ્રત્યે આદરભાવ કેળવે. "એક ભારત શ્રેષ્ઠ ભારત" કાર્યક્રમ અન્વયે ગુજરાત રાજ્યનું છત્તીસગઢ રાજ્ય સાથે જોડાણ થયેલ છે.

સંદર્ભ દર્શિત પત્ર (૧) અને (૨) અન્વયે રાજ્યની ૭૪૦૦ સરકારી પ્રાથમિક શાળાઓમાં તથા ૧૮૬૫ સરકારી માધ્યમિક શાળાઓમાં પ્રતિ શાળા દીઠ ૧૦૦૦/-(એક હજાર રૂપિયા) "એક ભારત શ્રેષ્ઠ ભારત" કાર્યક્રમ અંતર્ગત જિલ્લા કક્ષાએ ગ્રાન્ટ ફાળવણી કરવામાં આવેલ છે.

સદર ગ્રાન્ટ વપરાશ અંગેની માર્ગદર્શિકા પણ આ સાથે સામેલ છે. જે ધ્યાને લઇ આ સાથે સામેલ યાદી મુજબની આપના જિલ્લાની શાળાઓમાં સંદર્ભ દર્શિત પત્ર(૨)માં દર્શાવ્યા મુજબ બિનચૂક ગ્રાન્ટ ફાળવણી કરી "એક ભારત શ્રેષ્ઠ ભારત" કાર્યક્રમના અમલીકરણ અર્થે આગળની કાર્યવાહી થવા વિનંતી છે.

(મહેશ મહેતા)
સચિવ
સ્ટેટ પ્રોજેક્ટ ઓફીસ
સમગ્ર શિક્ષા, ગાંધીનગર

<u>બિડાણ-"એક ભારત શ્રેષ્ઠ ભારત" કાર્યક્રમ અંતર્ગત ગ્રાન્ટ વપરાશ માર્ગદર્શિકા અને શાળાઓની યાદી</u>

<u>નકલ સવિનય રવાના:</u>

- માન. એસપીડીશ્રી, સદર કચેરી
- માન.કમિશનરશ્રી, શાળાઓની કચેરી, જૂના સચિવાલય, ગાંધીનગર
- માન.એએસપીડીશ્રી, સદર કચેરી

## "એક ભારત શ્રેષ્ઠ ભારત" કાર્યક્રમ અંતર્ગત માર્ગદર્શિકા

- બાળકોને ગુજરાત અને છત્તીસગઢ રાજ્યોની સંસ્કૃતિ, રીતરિવાજો, પહેરવેશ, કૃષિ, આબોહવા જેવા વિવિધ વિષયોથી પરિચિત થાય.
- આ કાર્યક્રમના અમલીકરણ માટે શાળા કક્ષાએ નિબંધ સ્પર્ધા, ચર્ચાસત્રો, ભાગીદાર રાજ્ય (છત્તીસગઢ) પર પ્રોજેક્ટ વર્ક, સાંસ્કૃતિક સ્પર્ધા- લોકગીત, કળા, ચિત્ર,ક્વીઝ વગેરેનું આયોજન કરવું.
- વિદ્યાર્થીઓને ભાગીદાર રાજ્ય વિશે મહત્વપૂર્ણ તથ્યો અને અન્ય મહત્વપૂર્ણ અને રસપ્રદ માહિતી પ્રદાન કરવી.
- શાળામાં જ્ઞાનકુંજ પ્રોજેક્ટ/ઈન્ટરનેટ સુવિધા હોય તો તેના આધારે બાળકોને ગુજરાત અને છત્તીસગઢ રાજ્યની વિવિધ બાબતોની ઝાંખી/પરિચય કરાવવો.
- વિદ્યાર્થીઓ માટે "એક ભારત શ્રેષ્ઠ ભારત" હેઠળ વિવિધ પ્રવૃત્તિઓને આવરી લેતા પ્રોજેક્ટ કરવા.
- બાળકો દ્વારા શાળા લાયબ્રેરીમાંથી છત્તીસગઢ વિશેની માહિતી મેળવી ચર્ચા સત્રો યોજવા. પ્રાર્થનાસભામાં વિશેષ માહિતી આપવી.
- વિવિધ સ્પર્ધામાં ભાગ લેનાર અને વિજેતા થનાર બાળકોને પ્રોત્સાહન રૂપે ઇનામ/પ્રમાણપત્ર આપવા.
- શાળા કક્ષાએ એસ.એમ. સી.સભ્યો/આગેવાનોની ઉપસ્થિતિમાં બાળકોને પ્રોત્સાહિત કરવા.
- ગામના સૌથી વધુ ઉંમર અને અનુભવી વ્યક્તિ અથવા પ્રતિભાશાળી વ્યક્તિ સાથેનું ચર્ચા સત્ર યોજી બાળકોને જીવનઘડતરના અનુભવો પુરા પાડવા.
- બાળકોને સ્થાનિક/ લોકલ સંસ્કૃતિના નૃત્યો/હસ્તકળા/રમતો/વિવિધ સામગ્રી નિર્માણ અંગેનું આયોજન કરવું.
- સ્થાનિક સહયોગ દ્વારા ગ્રામ્ય સમાજ જીવન સાથે બાળકોને સામેલ કરી કાર્યક્રમ યોજવો, જેમાં સ્થાનિક પ્રાદેશિક બોલી, રીતરિવાજો, પહેરવેશ, લોકગીત, વાર્તા, સ્થાનિક ઈતિહાસ, ગામનું નામકરણ અંગેનો ઈતિહાસ, સ્થાનિક કહેવતો, ચિત્રકળા, વેશભૂષા, નૃત્ય જેવી અનેક બાબતો યોજી શકાય.
- શાળા કક્ષાએ બાળકો દ્વારા ઉપરોક્ત બાબતો ધ્યાને લઇ પ્રોજેક્ટકાર્ય તૈયાર કરી એક બુક તૈયાર કરવી.

Thank you